સરકારી અનુદાન સહાય ન લેવાની શરતે
માન્યતા આપવામાં આવતી બિન સરકારી
માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ફીનું
ધોરણ નક્કી કરવા બાબત......

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મશબ-૧૦૯૨-૮૮૫-ગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૪ SEP [illegible]

વંચાણે લીધો :- ઉચ્ચ શિક્ષણ કમીશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના
તા. ૨૫-૮-૯૨ ના પત્ર ક્રમાંક: અનુદાન-૨-ધ-૧૦૩૬.

ઠ_રા_વ.

માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે કાયમી ધોરણે વિદ્યાર્થી પાસેથી ફી ઉઘરાવી સરકારી અનુદાન સહાય વગર બિન સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાનો સરકારે નિર્ણય કરેલ છે. આ નિર્ણય અનુસાર સરકારી અનુદાન સહાય વગરની બિન સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની કેટલીક શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે. આવી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફી, સત્રફી તથા પ્રવેશ ફી નું ધોરણ નક્કી કરવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ હતો. પુખ્ત વિચારણાના અંતે સરકારી અનુદાન સહાય કાયમી ધોરણે ન લેવાની શરતે શરૂ થતી બિન સરકારી માધ્યમિક શાળાઓ માટે નીચે પ્રમાણે ફીનું ધોરણ નક્કી કરવાનું આથી સરકારે ઠરાવે છે.

| ક્રમાંક: | ધોરણ | ટ્યુશન ફી પ્રતિમાસ/ | સત્રફી પ્રતિસત્ર (વર્ષમાં બેસત્રના ધોરણે) | પ્રવેશ ફી ધોરણ-૮ માં કે પ્રથમ વખત દાખલ થતી વેળાએ એકજવાર |
|---|---|---|---|---|
| ૧. | ધો.૮ | રૂા. ૧૨૫ | રૂા. ૨૫૦ | રૂા. ૧૦૦ |
| ૨. | ધો.૯ | રૂા. ૧૪૦ | રૂા. ૨૫૦ | રૂા. ૧૦૦ ધો.૯માં પ્રથમવખત દાખલ થતી વખતે |
| ૩. | ધો. ૧૦ | રૂા. ૧૬૦ | રૂા. ૨૫૦ | રૂા. ૧૦૦ ધો. ૧૦માં પ્રથમ વખતે દાખલ થતી વખતે |

૨. – આવી શાળાઓમાં દાખલ થતી તેમજ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ તથા અનામત વર્ગના વિદ્યાર્થીઓ પાસેથી સરકારની નિતિ પ્રમાણે શાળા ફી લઇ શકશે નહીં તેમ જ સરકારશ્રી પાસેથી પણ માંગી શકશે નહીં અને તેઓની ફીની સંપૂર્ણ જવાબદારી શાળાની રહેશે.

ટૂંકમાં કોઇપણ પ્રકારનું અનુદાન સહાય સરકાર તરફથી શાળાને કે

વિદ્યાર્થીને આપવામાં આવશે નહીં.

ફીનું આ ફેરફાર સરકારની કોઈપણ જાતની ગ્રાન્ટ કે સહાય નહીં લેતી ખાનગી ચાલતી બિન-સરકારી માધ્યમિક શાળાઓને જ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બા. ઇ. યાદવ)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

મા. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી

મા. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી

મા. રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી

મા. મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી, (શિક્ષણ) સંસદીય સચિવશ્રી

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડ, ગાંધીનગર

બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ

શિક્ષણ વિભાગની બધી શાખાઓ

સિલેક્ટ ફાઇલ

જોશી/૭-૯